# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 07-02-2026** **Evening : 7.10 to 7.20 pm**

**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હિના મોદી** વાંચે છે.

---

1. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે શક્તિપીઠ અંબાજીમાં "શક્તિ કૉરિડોર"ના પહેલા તબક્કા હેઠળ 950 કરોડ રૂપિયાના વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત કર્યું
2. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું, NCC એક ભારત, શ્રેષ્ઠ ભારતના મંત્રને ચરિતાર્થ કરે છે.
3. કેન્દ્રીય મંત્રી ડો.મનસુખ માંડવિયાએ જેતપુર-નવાગઢમાં 28 કરોડ રૂપિયાથી વધુના વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત કર્યું.
4. અમરેલીમાં I.V.F. પદ્ધતિ દ્વારા રાજ્યની પહેલી ગીર વાછરડીનો સફળ જન્મ થયો
5. ICC ટી-20 વિશ્વકપમાં આજે ભારત અને USA-ની ટીમ વચ્ચે મુંબઈમાં મુકાબલો

--------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

## REV CM AMBAJI CORRIDORS

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું, આગામી 25 વર્ષની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને અંબાજી શક્તિ કૉરિડોરની બૃહદ યોજના બનાવવામાં આવી છે. શક્તિપીઠ અંબાજી ખાતે મુખ્ય મંદિર, ગબ્બર અને માનસરોવરને જોડતા "શક્તિ કૉરિડોર"ના નિર્માણના પ્રથમ તબક્કાના 950 કરોડ રૂપિયાના વિવિધ વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત કરતાં શ્રી પટેલે કહ્યું, આ કૉરિડોર માટે એક હજાર 632 કરોડ રૂપિયાની ભવિષ્યલક્ષી બૃહદ યોજના તૈયાર કરવામાં આવી છે.

આ ખાતમુહૂર્ત બાદ આગામી દિવસોમાં યાત્રિકોને બહુસ્તરીય પાર્કિંગ સુવિધા, અંડરપાસ માર્ગ, યાત્રી નિવાસ પાથ-વે, દિવ્ય દર્શન ચોક, શક્તિપીઠ, ઍમ્ફી થિએટર અને લાઇટ ઍન્ડ સાઉન્ડ શૉ સહિતની બહુવિધ પ્રવાસન સુવિધા મળશે.

**(BYTE: BHUPENDRA PATEL, CHIEF MINISTER)**

અંબાજી—તારંગા રેલવે પરિયોજનાથી આ વિસ્તારનું જોડાણ વધુ મજબૂત બનશે. તેના કારણે યાત્રાળુઓની સુવિધા વધશે અને સ્થાનિક આર્થિક વિકાસને ગતિ મળશે તેવો વિશ્વાસ પણ શ્રી પટેલે વ્યક્ત કર્યો.

----------

## CM NCC AT HOME

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું, NCC  એક ભારત, શ્રેષ્ઠ ભારતના મંત્રને ચરિતાર્થ કરે છે. સરહદી અને દરિયાઈ વિસ્તારમાં NCC કેડેટ્સની સંખ્યામાં થયેલો નોંધપાત્ર વધારો એ યુવાશક્તિની દેશભક્તિનું ઉદાહરણ છે. ગાંધીનગરમાં લોકભવન ખાતે રાષ્ટ્રીય છાત્રસેના – NCC ગુજરાતના એટહોમ કાર્યક્રમને સંબોધતાં શ્રી પટેલે કહ્યું, NCC દેશના યુવાનોને આત્મવિશ્વાસ, શિસ્ત, સંવેદનશીલતા અને રાષ્ટ્રપ્રથમના ભાવ સાથે સશક્ત બનાવનારું સંગઠન છે. NCC-માંથી શીખેલા મૂલ્યો કેડેટ્સને જીવનમાં માર્ગદર્શન પૂરું પાડશે તેવો વિશ્વાસ પણ શ્રી પટેલે વ્યક્ત કર્યો.

**(BYTE: BHUPENDRA PATEL, CHIEF MINISTER) NCC**

આ પ્રસંગે મુખ્યમંત્રીએ 9 કેડેટ્સને સર્ટિફિકેટ ઓફ એક્સલેન્સ એનાયત કર્યા, તેમજ ‘કેડેટ જર્નલ-2026’નું વિમોચન અને શ્રેષ્ઠ પ્રદર્શન માટે NCC રાજકોટને ઇન્ટર ગ્રુપ ચેમ્પિયનશિપ બેનર અર્પણ કર્યું.

----------

## MANDAVIYA JETPUR

કેન્દ્રીય મંત્રી ડોક્ટર મનસુખ માંડવિયાએ કહ્યું, વહીવટી તંત્ર જ્યારે લોકોની વચ્ચે જઈ તેમના પ્રશ્નો ઉકેલે ત્યારે લોકશાહી સાચા અર્થમાં સાર્થક થાય છે. જેતપુરમાં વહીવટીતંત્રની કામગીરીનું નિરીક્ષણ કર્યા બાદ આ વાત કહી.

જેતપુરમાં તેમની અધ્યક્ષતામાં 'સેવા સેતુ' કાર્યક્રમનો પાંચમો તબક્કો યોજાયો. જેમાં  શ્રી માંડવિયાએ લોકોના પ્રશ્નોનો સ્થળ પર જ

નિકાલ લાવવાના આ અભિગમની પ્રશંસા કરી. આ ઉપરાંત શ્રી માંડવિયાએ અનેક લાભાર્થીઓ સાથે સંવાદ કરી તેમને વિવિધ સરકારી યોજનાઓના લાભોનું વિતરણ કર્યું. તેમણે જેતપુર-નવાગઢ નગરપાલિકાના વિવિધ યોજનાઓ હેઠળના 27 કરોડ રૂપિયાથી વધુના વિકાસકાર્યોનું ઈ-ખાતમુહૂર્ત કર્યું. ઉપરાંત, સમગ્ર શિક્ષણ અભિયાન અંતર્ગત શ્રી માંડવિયાએ શાળા નંબર 12 ના નવા બિલ્ડીંગ માટે 1 કરોડ 39 લાખ રૂપિયાથી વધુના કાર્યોનું ખાતમુહૂર્ત પણ કર્યું.

----------

## GIR VACHHARADI

અમરેલી જિલ્લામાં ઇન-વિટ્રો ફર્ટિલાઇઝેશન – I.V.F. પદ્ધતિ દ્વારા રાજ્યની પહેલી ગીર વાછરડીનો સફળ જન્મ થયો છે. આ અંગે પશુપાલન મંત્રી જિતુ વાઘાણીએ કહ્યું, ઓછી દૂધ આપતી ગાય પણ હવે શુદ્ધ 'ગીર' વાછરડીને જન્મ આપશે. અમરેલીમાં ગુજરાત પશુધન વિકાસ બૉર્ડ હસ્તકની એમ્બ્રિયો ટ્રાન્સફર પ્રયોગશાળા ખાતે ઉપલબ્ધ વધુ 30 રૅસિપિયન્ટ પશુઓમાં પણ IVFથી ભ્રૂણ પ્રત્યારોપણ કરાશે.

આ પદ્ધતિના વ્યાપક ઉપયોગથી રાજ્યમાં ઉચ્ચ ગુણવત્તા ધરાવતા પશુઓની સંખ્યામાં વધારો થશે. તેના કારણે રાજ્યની દૂધ ઉત્પાદન ક્ષમતા પણ નોંધપાત્ર વધશે અને તે સીધી રીતે પશુપાલકોની આર્થિક સ્થિતિ મજબૂત કરશે. સાથે જ IVF ટેક્નોલૉજી રાજ્યના પશુપાલકો માટે કામધેનુ સાબિત થશે તેમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

----------

## JAMNAGAR FARMER INDIA US DEAL

ભારત અને અમેરિકા વચ્ચે થયેલા વેપાર કરારને દેશભરમાંથી વ્યાપક આવકાર મળી રહ્યો છે. ત્યારે આ અંગે જામનગરના ખેડૂત નીરવ મુંગરાએ પ્રતિક્રિયા આપતા કહ્યું, આ કરાર ખેડૂતો માટે લાભદાયક રહેશે.

**(BYTE: NIRAV MUNGARA, FARMER)**

----------

## BHARUCH BJP ON BUDGET

ભરૂચમાં કેન્દ્રીય અંદાજપત્ર અંગે જનજાગૃતિ લાવવા જિલ્લા ભાજપ દ્વારા પરિષદ યોજાઈ. ડિસ્ટ્રીક્ટ બૅન્કના સભાખંડમાં યોજાયેલી પરિષદમાં ધારાસભ્ય રમેશ મિસ્ત્રીએ અંદાજપત્રમાં ગુજરાતને વિશેષ સ્થાન મળ્યું હોવાનો ઉલ્લેખ કર્યો. સાથે જ ગુજરાત ફાર્મા અને સેમીકન્ડક્ટર ક્ષેત્રનું કેન્દ્ર બનશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

**(BYTE: RAMESH MISTRI, MLA)**

----------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.................................

## AMBANI UNIVERSITY

અમદાવાદની અદાણી વિશ્વવિદ્યાલયમાં "ટ્રેન્ડ્સ ઍન્ડ ઇનોવેશન ઇન ઍરોસ્પેસ ઇલેક્ટ્રૉનિક્સ" વિષય પર વેસ્ટ ઝૉન પરિસંવાદ કાર્યક્રમ યોજાયો. ધ ઇન્સ્ટિટ્યૂશન ઑફ ઇલેક્ટ્રૉનિક્સ ઍન્ડ ટેલિકમ્યુનિકેશન ઍન્જિનિયર્સ – IETE દ્વારા યોજાયેલા મુખ્ય અતિથિ તરીકે સેક-ઇસરોના નિદેશક નીલેશ દેસાઈએ ઍરોસ્પેસ ઇલેક્ટ્રૉનિક્સ ક્ષેત્રમાં નવી ટૅક્નોલૉજી અને સંશોધનના મહત્વ પર પ્રકાશ પાડ્યો હતો.

ઉપરાંત ઍર માર્શલ પી. કે. શ્રીવાસ્તવે ઍવિએશન ક્ષેત્રના આધુનિક પ્રવાહ, સુરક્ષા, ટેક્નોલૉજિકલ પ્રગતિ અને ભવિષ્યની શક્યતાઓ અંગે વિશેષ વ્યાખ્યાન આપ્યું.

આ પરિસંવાદમાં ઍરોસ્પેસ ઇલેક્ટ્રૉનિક્સ ક્ષેત્રમાં નવીનતા, સંશોધન અને ઉદ્યોગ-શૈક્ષણિક સહકાર અંગે ચર્ચા કરવામાં આવી. ઉપરાંત

વિદ્યાર્થીઓ, સંશોધકો તથા ઉદ્યોગજગતને ઉપયોગી મંચ અપાયું. આ કાર્યક્રમમાં 200 જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

----------

## DGP VADODARA VISIT

વડોદરામાં પ્રભારી રાજ્ય પોલીસ વડા – DGP ડૉક્ટર કે. એલ. એન. રાવની અધ્યક્ષતામાં ક્રાઈમ કૉન્ફરન્સ યોજાઈ. તેનો ઉદ્દેશ વડોદરા શહેર, ગોધરા રૅન્જમાં આવતા વિવિધ જિલ્લા અને પોલીસ વિભાગ સાથે સંકળાયેલા એકમને સાથે રાખીને ગુનાઓ અંગે ચર્ચા કરવાનો હતો. આ અંગે પ્રભારી DGP-એ વધુ માહિતી આપી.

**(BYTE: DR. KLN RAO, INCHARGE DGP)**

----------

## THARAD SANCHOR ACCIDENT

બનાસકાંઠામાં થરાદ-સાંચોર રાજમાર્ગ પર થયેલા અકસ્માતમાં બે યુવાનના મોત થયાના અહેવાલ છે. અમારા પ્રતિનિધિ સવજી ચૌધરી જણાવે છે, ગત મોડી રાત્રે કાર અને મોટરસાઈકલ વચ્ચે અકસ્માત સર્જાતા બે યુવકના મોત અને એક યુવક ગંભીર રીતે ઇજાગ્રસ્ત થયો છે.

પીલુડા ગામના ત્રણ યુવક મોટરસાઈકલ પર જઈ રહ્યા હતા. દરમિયાન એક કાર સાથે ટક્કર થતાં આ અકસ્માત સર્જાયો હતો. હાલમાં ઇજાગ્રસ્ત યુવાન હૉસ્પિટલમાં સારવાર હેઠળ છે. પોલીસે પણ કારચાલક સામે કાર્યવાહી હાથ ધરી છે.

----------

## Rajkot Clean Survey

રાજકોટ મહાનગરપાલિકાએ સ્વચ્છ સર્વેક્ષણ 2026 ની તૈયારી શરૂ કરી છે. આ અંગે મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરાએ સમીક્ષા બેઠકમાં યોજી જણાવ્યું કે શહેરની સ્વચ્છતા અંગે દરેક વિભાગે પોતાના કાર્યક્ષેત્ર મુજબ સફાઈ, કચરા સંકલન, સહિતના કામ માટેની કાર્યયોજના તૈયાર કરવામાં આવી છે. તેમણે કહ્યું કે સફાઈ કામગીરી, કર્મચારીઓની હાજરી, સાધન સામગ્રીનો યોગ્ય ઉપયોગ તથા નાગરિકોની ફરિયાદોનું તાત્કાલિક નિવારણ થાય તે માટે વિશેષ વ્યવસ્થા પણ કરાશે.

----------

## BHAVNAGAR-CISF

કેન્દ્રીય ઔદ્યોગિક સુરક્ષા દળ - CISF દ્વારા યોજાયેલી 'વંદે માતરમ્ સમુદ્રી સાયકલ યાત્રા ભાવનગર પહોંચી.

તેનો મુખ્ય હેતુ “સુરક્ષિત તટ, સમૃદ્ધ ભારત” વિષયવસ્તુ હેઠળ દરિયાકાંઠાની સુરક્ષા અંગે જાગૃતિ લાવવા અને માછીમારોને સુરક્ષા વ્યવસ્થામાં સામેલ કરવાનો છે.

આ યાત્રામાં 65 મહિલા સહિત કુલ 130 જવાનો ભાગ લઈ રહ્યા છે. આ 25 દિવસની યાત્રા દેશના 6,533 કિમી લાંબા દરિયાકાંઠાને આવરી લેશે.

----------

## DANG - AGANVADI

ડાંગમાં 129 આંગણવાડી કેન્દ્રમાં સ્વચ્છતા સહિત નવીનીકરણ ઝૂંબેશ શરૂ કરવામાં આવી. તે પૈકી 33 આંગણવાડી કેન્દ્રમાં કામગીરી પૂર્ણ થઈ છે. જિલ્લા વિકાસ અધિકારી કે.એસ.વસાવાએ ઝૂંબેશમાં જોડાયેલા વિવિધ શાખાના અધિકારી, કર્મચારીઓને સમયમર્યાદામાં કામ પૂર્ણ કરવા સૂચન કર્યું છે.

----------

## CRICKET T20 WORLD CUP

આંતર-રાષ્ટ્રીય ક્રિકેટ પરિષદ – ICC ટી-20 વિશ્વકપમાં આજે ભારત અને સંયુક્ત રાજ્ય અમેરિકા – USA વચ્ચે મેચ રમાઈ રહી છે. મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં રમાતી મેચમાં મોનાન્ક પટેલની આગેવાની હેઠળની USA-ની ટીમે ટોસ જીતીને બોલિંગ_પસંદ કરી છે.

હાલમાં મળતાં અહેવાલ મુજબ, સૂર્યકુમાર યાદવની આગેવાની હેઠળની ભારતીય ટીમે 2.3 ઑવરમાં 1 વિકેટ ગુમાવી 20 રન કર્યા છે.

આ પહેલા શ્રીલંકામાં રમાયેલી અન્ય એક મેચમાં પાકિસ્તાન સામે નેધરલેન્ડ્સનો પરાજય થયો છે.

----------

## METRO TRAIN TIME

ICC ટી-20 વિશ્વકપની અમદાવાદમાં રમાનારી મેચના કારણે શહેરની મેટ્રો ટ્રેન સેવા રાત્રે સાડા 12 વાગ્યા સુધી કાર્યરત્ રહેશે. સત્તાવાર યાદી મુજબ, 9, 11, 14, 18, 22 અને 26 ફેબ્રુઆરી તથા આઠ માર્ચે અમદાવાદમાં ટી-20 વિશ્વકપની મેચ રમાશે. ત્યારે આ દિવસોમાં રાત્રિના 10 વાગ્યાથી રાત્રે સાડા 12 વાગ્યા સુધીના લંબાવેલા સમય દરમિયાન મુસાફરો માત્ર મોટેરા સ્ટેડિયમ મેટ્રો મથક તથા સાબરમતી મેટ્રો મથક પરથી મેટ્રોમાં બેસી શકશે અને ત્યાંથી અમદાવાદ મેટ્રોના બંને કોરિડોર એટલે કે, મોટેરા સ્ટેડિયમથી APMC તથા વસ્ત્રાલ ગામથી થલતેજ ગામ પરના કોઈપણ કાર્યરત્ મેટ્રો મથક સુધી મુસાફરી કરી શકશે.

જ્યારે ગાંધીનગર જવા  મોટેરા સ્ટેડિયમથી મહાત્મા મંદિર સુધી રાત્રે બે વધારાની ટ્રેન રાત્રે 11.40 વાગ્યે અને રાત્રે 12.10 વાગ્યે ઉપડશે.

----------